| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૨/૧૨/૨૦૨૩  મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૯૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૯૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-  સમાચાર યાદી નં.૧૯૯૭/૨૦૨૩

**ઘાટલોડીયાઃ** સુજાતા હરી પવાર (ઉ.વ.૩૯) (રહે. ઉદય એપાર્ટમેન્ટ નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે નારણપુરા) એ તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મનોજ સરદ સોનવણે (રહે. સાઈ રો-હાઉસ દત્તનગર સાતપુર એમ.આઇ.ડી.સી. નાસીક મહારાષ્ટ્ર) એ મિત્રતા કેળવી સુજાતા હરી પવારને વિશ્વાસમાં લઈ લોનને લગતા ડોક્યુમેન્ટ તેમજ મોબાઇલમાં આવેલ ઓ.ટી.પી.મેળવી લઈ સુજાતા હરી પવારના નામે અલગ-અલગ મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી કુલ રૂપિયા ૫,૪૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૮/૨૦૨૩**

**કારંજ**ઃ દર્શક પદમજભાઇ દવે (રહે. અલંકાર સોસાયટી સર્કીટ હાઉસ પાસે શાહીબાગ) એ તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૨/૨૦૨૩ કલાક ૮/૩૦ થી કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મિરઝાપુર ત્રણ ખુણીયા બગીચા ખાતે સ્નેહા કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૭ ઓમકાર ઓટો એજન્સી નામની ઓટો સ્પેપાર્ટની દુકાનની આગળથી કારના સ્પેર પાર્ટસના માલના બે પાર્સલ કિમત રૂપિયા ૩૫,૦૯૮/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

**સોનાની ચેઇન/પર્સ ઝુટવી લઈ જવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૯/૨૦૨૩**

**ખોખરા**ઃ ભુમાબહેન વા/ઓ રૂપલકુમાર ત્રિવેદી (ઉ.વ.૫૧) (રહે. લોકજીવન સોસાયટી સેવન્ડે સ્કુલ સામે મણીનગર પુર્વ ખોખરા) તા.૧૧/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક ઉભા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ ભુમાબહેન ત્રિવેદી નજીક આવી પિવાનું પાણી માંગતા ભુમાબહેન ત્રિવેદી પીવાનું પાણી લેવા માટે તેઓના ઘરે જતા હતા ત્યારે આ પુરૂષો ભુમાબહેન ત્રિવેદીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભુમાબહેન ત્રિવેદીએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**ગાયકવાડ હવેલી**ઃ ક્રિષ્ણાકુમારી મયુરસિંહ રાઠોડ (ઉ.વ.૨૫) (રહે. શિતલ કો.ઓ.હા. સોસાયટી લીમીટેડ રંગસાગર વિભાગ-૩ પાલડી) તા.૦૯/૧૨/૨૦૨૩ કલાક ૫/૫૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમય દરમ્યાન રીક્ષામાં બેસી જમાલપુરબ્રીજ ઉતરી નવી ચાલી ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ એક્ટીવા રીક્ષા નજીક ચલાવી ક્રિષ્ણાકુમારી રાઠોડના ખોળામાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં સોનાની વીંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સોનાના ઝુંમર કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૯,૯૯૯/- અને રોકડ રૂપિયા ૭૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ ક્રિષ્ણાકુમારી રાઠોડ એ તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.સી.પવાર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૦/૨૦૨૩**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વિનોદભાઈ પંડુબિંદરી અમીન (ઉ.વ.૭૪) (રહે.મરૂતિનંદન સોસાયટી વિજય સેલ્સ સામે બોપલ) તા.૧૧/૧૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ ઝાંસીની રાણી બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે ૦૧ એક્સએફ ૬૪૧૧ ના ચાલક તુષાર કનુભાઈ ઠાકોર એ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા વિનોદભાઈ અમીનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર વિનોદભાઈ અમીનના પત્ની ઉરેશાબહેન વિનોદભાઈ અમીન એ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.પી.સાગઠીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૦૧/૨૦૨૩**

**કાલુપુરઃ** કાલુપુર સ્વામિનારાયણ મંદિર રોડ હોટલ ડિલક્ષના ત્રીજા માળે રૂમ નંબર-૪૦૩ ખાતે રોકાયેલ સુભમ રામકુમાર તીવારી (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ-સકરન પોસ્ટ-બિછીયા જી-ઉન્નાવ ઉતરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૩ રાતના ૯/૪૫ વાગ્યા પહેલા હોટલના રૂમમાં પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાલુપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

**વેજલપુરઃ** સંદીપ અર્જુનસિંહ પરમાર (ઉ.વ.૩૬) (રહે. સહવાસ એપાર્ટમેન્ટ રવિનગર સ્કુલ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

**રામોલઃ** ભરતભાઇ શંકરભાઇ પટેલ (ઉ.વ.૫૨) (રહે. મહાવીર સ્ટેટ્સ ફલેટ રીલાયન્સ પેટ્રોલપંપ પાસે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૨૩ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી